# ઈન્ટરનેટની છેતરામણી વાતો (Scams)

લેખક : જ્યંતીભાઈ પટેલ

## ૪. ઘેર બેસી કામ કરો ને હજારો ડોલર કમાવ

(Work at home scams)

**સૌને એવી ઈચ્છા થાય કે ઘેર ફેમિલીની સાથે બેઠાં બેઠાં રોજના ફક્ત બેચાર કલાક કામ કરીને દર મહિને હજારો ડોલર કમાવાય અને ખભા પર કોઈ બોસ ઊભો ન હોય. બધાની આ ઈચ્છાને પગથિયું બનાવીને આવી ઘેર રહીને હજારો ડોલર બનાવવાની અનેક સ્કીમો (સ્કેમો) પોતાનો ઉલ્લુ સીધો કરતી હોય છે. આવા હજારો સ્કેમોમાંથી કેટલાક અહીં રજૂ કર્યા છે.**

### ઈમેઈલ પ્રોસેસિંગ :-

એક એવું સહેલું કામ કે જેને માટે તમને એક ઈમેઈલ પ્રોસેસ કરવાના પચાસ ડોલર આપવાની લલચામણી ઓફર કરવામાં આવે છે. બદલામાં તમારે કરવાનું શું? તમારે પહેલા તો પચાસ ડોલર ભરીને સભ્ય થવાનું. પછી કામ શરૂ થાય. કામ એટલે જે ઈમેઈલથી લોભાઈને તમે પચાસ ડોલરમા મૂંડાયા એ ઈમેઈલ તમારા નામ નીચે તમારા જાણીતા માણસોને મોકલવાની ને એમને મૂંડી તમારા પૈસા અને નફો મેળવી લેવાનાં. આમ કરી એ લોકો તમને સ્કેમમાં જાણે ભાગીદાર બનાવે છે.

આ પણ એક પ્રકારનો ચેઈન લેટર સ્કેમ જ છે.

### રમકડાં કે નાનાંમોટાં ગેજઈટ્સના પૂર્જા જોડી હજારો કમાવ (Craft assembly)

આ પ્રકારના સ્કેમમાં રમકડાં જેવાં નાનાંમોટાં સધનો જોડીને નમુનો તૈયાર કરવાનો હોય છે જેને માટે તમને મબલખ નાણાં આપવાનું વચન આપવામાં આવે છે. પેકિંગ અને ટપાલ ખર્ચ તમારે ભોગવવાનું હોય છે જે મળવાની રકમની સામે સાવ નજીવું હોય છે. બેકાર થયેલા અથવા રીટાયર્ડ કે છોકરાંના ઉછેર માટે જેને ઘેર રહેવું પડતું હોય એવાં માણસો ને લલચાવવા માટેનો આ સ્કેમ છે.

તમે એમની આ જાહેરાતને જરાય મચક આપો તો તમારે સભ્ય બનવાના પચીસ ડોલર અને નમૂનાની કીટના પચાસ ડોલરનું આંધણ મૂકવાનું હોય છે. એમના જાહેરાતના ફોર્મમાં એવી લલચામણી જાહેરાત કરવામાં આવી હોય છે કે તમે આ નમૂનાની કીટ જોડીને મોકલી આપશો તોય તમને તમારા રોકેલા પંચોતેર ડોલર પરત મળી જશે.

જો આવા એક જ કામથી તમને આટલા મળવાના હોય તો તમને આમાં રસ પડે જ ને! પણ તમે જ્યારે નમૂનો તેયાર કરીને મોકલો છો ત્યારે એક જ જવાબ મળે છે : કામ ગુણવત્તા મુજબનું નથી. નમૂનો પાછો મંગાવવાનો ખર્ચ ભરવા તમે તૈયાર થાવ તો એ જ ચકકર પાછું ચાલું થાય છે. જો તમે એટલેથી અટકી જાવ તો પેલા લોકોને તમારી સભ્ય ફી, નમૂનાની કીટનાં નાણાં અને તૈયાર નમૂનો મળીને પંચોતેર ડોલરનો તડાકો પડી જાય છે.

### હેલ્થ અને ડાયેટિંગ સ્કેમ (Health and diet scams)

એવી ચમત્કારિક ગોળીઓ કે જે બીજા કોઈ શારીરિક વ્યાયામ વગર તમારા વજનમાં નોંધપાત્ર ઘટાડો કરી આપે કે તમારા ખરતા વાળને અટકાવે ને નવા વાળ ઉગાડે એવી કોઈ ગોળીઓની જાહેરાત તમને ઈમેઈલમાં મળતી હશે. આવી જાહેરાતોને ખોલીને વિગતો વાંચવામાં સમય બગાડવા જેવો નથી. એને માટે તો એક જ રસ્તો છે સીલેક્ટ અને ડીલેટ.

કદાચ એની અંદરનું લખાણ વાંચવામાં આવી જાય તો તેમાં નીચેના શબ્દસમૂહો તમારા ધ્યાનમાં આવ્યા સિવાય રહેશે નહી. ‘આ ગોળીઓ બીજે ક્યાંયથી મળશે નહીં ; આ ઓફર ફક્ત થોડા દિવસો માટે જ છે; આ એક મહાન વૈજ્ઞાનિક સંશોધનનો પરિપાક છે; જાદુઈ જડીબુટ્ટી; ગુપ્ત ફોર્મ્યુલા વગેરે વગેરે. આ શબ્દોથી પણ છેતરાવા જેવું નથી. આ બધી પૈસા ખંખેરવાની જ બુટ્ટીઓ છે.

### એન્વલપ સ્ટફિંગ સ્કેમ :

આ પણ એક અલગ પ્રકારનો સ્કેમ જ છે. આમાં તમારે ફક્ત ફી ભરીને ધંધાની વિગતો મંગાવવાની હોય છે. જ્યારે તમે એક કવરમાં ફીના ડોલરની નોટો અને સાથે તમારા નામ સરનામાવાળું પરબીડિયું મોકલો છો ત્યારે તમને તમારા એ પરબીડિયામાં બે જાતનાં પેમ્ફલેટ મળે છે. એક સૂચનાઓનું જેમાં તમારે તમારું માટેની સૂચનાઓ હોય છે અને બીજું જેના પર તમારે તમારું નામ

સરનામું મૂકવાની સૂચના આપી હોય છે. પછી તમારે એ બન્ને પેમફલ્ટની જરૂરી નકલો છપાવી લેવાની હોય છે. તમારે એ વધારાનો ખર્ચ કરીને એ પેમ્ફલેટ જાણીતાઓમાં વહેંચવાનાં ને એ લોકો તમને પોતાના નામ સરનામાવાળાં એન્વલપ ને ફીના ડોલર મોકલી આપે એની રાહ જોવાની.

જ્યારે એમાના કેટલાક લોકો તમને પોતાના નામ સરનામાવાળાં એન્વલપ ફીના ચાંલ્લા સાથે મોકલી આપે ત્યારે તમારે એમાં તમારા નામ સરનામાવાળાં પેમ્ફલેટ તથા સૂચનાં પેમ્ફલેટ એમના નામ સરનામાવાળા એન્વલપમાં ભરીને મોકલી આપવાનાં. એ ક્રિયાનું નામ જ એન્વલપ સ્ટફિંગ. છેતરાવ અને છેતરો.

જો તમે ઈન્ટરનેટ પર સર્ફ કરતા હશો તો આવાં અનેક પ્રકારનાં સ્કેમ તમને જોવા મળતાં હશે. આ સ્કેમને ઓળખવા માટે નીચેની વિગતો ધ્યાનમાં રાખવા જેવી છે.

૧. તેમાં તમને ઘણી મોટી રકમ મળવાની લોભામણી વાત હોય છે.

૨. તમને ઘણા બધાના દાખલા આપવામાં આવે છે પણ એમાંના કોઈનું સરનામું તમને તપાસ કરવા છતાં આપવામાં આવતું નથી.

૩. એમની સ્કીમ કેવી રીતે કામ કરે છે એની વિગત જાણતા પહેલાં તમારે ફી ભરી સભ્ય થવાનું હોય છે.

૪. તમને એવો વિશ્વાસ આપવામા આવે છે કે તમારા કામનું બહુ બહોળું બજાર છે.

**લેખકના પરિચય માટે અહીં કલીક કરો.**

**આવા ઉપયોગી અન્ય લેખો વાંચવા કે તમારી વેબ સાઈટ પર પ્રસિધ્ધ કરવા માટે અહીં કલીક કરો.**

**નિયમો માટે અહીં કલીક કરો.**